# સુરત મહાનગરપાલિકા

મોકલનાર : જાહેર માહિતી અધિકારી અને
સેકશન ઓફિસર
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ,
ટાવર રોડ, સુરત.
ટેલી.નં.૦૨૬૧–૨૪૨૦૪૧૨

નમુનો–ગ
જુઓ નિયમ–૪(૧)
અરજદારશ્રીને માહિતી આપવા અને તેનો અસ્વીકાર કરવા બાબત.

ક્રમાંક : નં.એમ.સી.એચ./આઉટ/
તા. : / /૨૦૧૮

પ્રતિ,
શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ
(સુરત સુધરાઈ કામદાર(સ્ટાફ) મંડળ),
રૂમ નં.૧૪ ગ્રા ફલોર, મુખ્ય કચેરી,
મુંગલીસરા,સુરત–૩૯૫૦૦૩.

શ્રીમાન,

માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ માહિતી/દસ્તાવેજો આપવા માટેની વિનંતી કરતી તા.૦૪/૦૫/૧૮ આઈ.ડી.નં.૩૩૨ ની અરજી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ મળેલ છે. જેમાં અત્રેના મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને લાગુ પડતા મુદ્દાની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | મુદ્દા | મુદ્દાની પુર્તતા |
|---|---|---|
| ૧ | સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ ધ્વારા હેલ્થ સેન્ટરો , સ્મીમેર હોસ્પિટલ તથા મસ્કતિ ધર્માર્થ હોસ્ટિલનાં કર્મચારીઓને જાહેર તહેવારની રજા બાબતે આપશ્રીને લખેલ છેલ્લા દસ વર્ષનાં પત્રોની નકલ આપવી. | સુરત સુધરાઈ કામદાર(સ્ટાફ) મંડળ ધ્વારા જાહેર તહેવાર બાબતે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલે કોઈ પત્ર મળેલ નથી. |
| ૨ | જાહેર તહેવારની રજા આરોગ્ય વિભાગમાં તથા હેલ્થ સેન્ટરો, હોસ્પિટલમાં કઈ રીતે આપવામાં આવે છે. તેની રજા કોમ્પેન્સેટ કરી આપવામાં આવતી હોય તો તેની માહીતની (નકલ દરેક કર્મચારીની) | આવી કોઈ નકલ અત્રે રાખવામાં આવતી નથી. |
| ૩ | જાહેર તહેવારની રજા જમા થતી હોય તો મહાનગરપાલિકા ધ્વારા જાહેર તહેવારની રજાનો નોંધણી કાર્ડ બનાવવામાં આવતો હોય, તો તેની નકલ આપવી.(તમામ હેલ્થ સેન્ટર,હોસ્પિટલો) | જાહેર તહેવારની જમા રજા જે તે માસમાં જ કર્મચારીને આપી દેવામાં આવે છે.જેથી જાહેર તહેવારની રજાનો નોંધણી કાર્ડ બનાવવામાં આવતો નથી. |
| ૫ | હેલ્થ સેન્ટરો, હોસ્પિટલોમાં જાહેર તહેવારની રજા આપવાની કયાર થી બંધ કરવામાં આવેલ છે અને તે કયાં અધિકારીશ્રીની મંજુરીથી બંધ કરવામાં આવેલ છે. તેની માહિતી ત્યાં કયાં કારણોસર જેની (નકલ આપવી) | જાહેર તહેવારની રજાઓ બંધ કરવામાં આવેલ નથી. |
| ૬ | મહાનગરપાલિકાની તમામ કચેરીના કર્મચારીઓને જાહેર તહેવારની રજા આપવામાં આવે છે. તેવી જ રીતે આરોગ્ય વિભાગનાં હેલ્થ સેન્ટરો, હોસ્પિટલોનાં કર્મચારીઓને આપવામાં આવે છે કે કેમ ? તેની માહિતી તથા પરિપત્રની નકલ આપવી. | મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલનાં ઉપલબ્ધ રેકર્ડ અનુસાર માહિતીનાં પાના નંગ : ૦૨ આપશ્રીને પુરા પાડવાનાં થતાં હોય, જે અંગે પ્રતિ નકલ દીઠ રૂા.૦૨/– લેખે દસ્તાવેજી ચાર્જ રૂા.૪/– (અંકે રૂપિયા ચાર પુરા) સુરત મહાનગરપાલિકામાં જમાં કરાવ્યેથી તેની નકલ તુરંત પુરી પાડવામાં આવશે. |
| ૮ | આરોગ્ય ખાતા હેલ્થ સેન્ટરોનાં હોસ્પિટલોનાં કર્મચારીઓને જાહેર તહેવારનાં દિવસે હઈીઈ(કિટકોલ રજા) લેવામાં આવેલ હોય, તો તેવા તમામ કર્મચારીઓની પાસે લેવામાં હઈીઈ નો રીપોર્ટની નકલ આપવી. | જાહેર તહેવારની રજાના દિવસે કોઈપણ કર્મચારી પાસે હઈીઈ લેવામાં આવતી નથી. |

આપ ઉપરના માહિતી/નિર્ણયથી નારાજ થયેલ હોય તો, માહિતી/નિર્ણય મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર આપ અપીલ અધિકારીશ્રી સીની. સ્થાનિક વૈ. અમલદારશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ, ટેલી. નં.(૦૨૬૧) ૨૪૨૦૪૧૨ ને અપીલ કરી શકશો.

આપનો વિશ્વાસુ,

................................
(યુ. એમ. સુરતી)
જાહેર માહિતી અધિકારી અને
સેકશન ઓફિસર
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/MCH/FAP/01/2015-16. Dt.13/08/2018.

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ.

જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ધ્વારા કરવામાં આવેલ રજુઆત અને ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા પ્રાપ્ત થયેલી હકીકત નીચે દર્શાવી છે.

અરજદાર ::– શ્રી પિંકલ પી. ઘીવાળા.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર શ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ,

સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી પિંકલ પી. ઘીવાળાની આરટીઆઈની તા.૦૭/૦૭/૧૮ ની (આઈ.ડી.નં.૩૨૯) ની અરજી જાહેર માહિતી અધિકારી અને સંકલના આસી. લો. ઓફિસર(વેસ્ટ ઝોન) કચેરીના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૦૮૭ તા.૨૦/૦૮/૨૦૧૮ જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને તબદીલ કરવામાં આવેલ હતી. જે અરજી નં. એમ.સી.એચ./ઈન/૮૯૪ તા.૨૩/૦૮/૧૮થી અત્રે મળેલ છે. જે મુજબ અરજદારે કુલ મુદ્દા નં.૦૧ થી ૦૫ની માહિતી માંગેલ હતી.

જે અન્વયે જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી અરજદાર મજકૂરને પત્ર નં. એમ.સી.એચ./આઉટ/૧૬૭૫ તા.૦૪/૦૯/૧૮ થી લાગુ પડતાં મુદ્દા નં.૦૧ અને ૦૫ ની માહિતી આપવામા આવેલ છે. ત્યારબાદ તા.૧૩/૦૮/૧૮ ના રોજ અરજદારે પ્રથમ અપીલ અરજી રાંદેર ઝોન તથા સુ.મ.પા.નાં તમામ ઝોનને ઉદેશીને કરેલ. જે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(વેસ્ટ ઝોન) તરફથી આઈ.ડી.નં.૫૮ તા. ૧૩/૦૮/૧૮થી અપીલ અધિકારી સીની.સ્થાનિક વૈ. અમલદારશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને તા. ૩૧/૦૮/૧૮ થી તબદીલ કરેલ છે. જે અત્રે અપીલ અરજી નં.૫૮, એમ.સી.એચ./ઈન/૯૭૭ તા.૦૬/૦૯/૧૮ના રોજ થી મળેલ છે.

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અધિકારીશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને અપીલ કરી જણાવેલ છે કે તેઓની આરટીઆઈની અરજીના મુદ્દા નં. ૦૧ થી ૦૫ માં માગ્યા મુજબની માહિતી સમય મર્યાદામાં આપવામાં આવેલ નથી. જેથી માગ્યા મુજબની માહિતીની નકલો વિના મૂલ્યે પુરી પાડવા હુકમ કરશોજી. તેવી અરજી કરેલ છે.

અરજદારે અપીલ અરજીમાં જણાવેલ મુદ્દા નં.૦૧ થી ૦૬ માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ નં. એમ.સી.એચ./આઉટ /૧૬૭૫ તા.૦૪/૦૯/૧૮ થી આપેલ મુદ્દા નં.૦૧ અને ૦૫ જવાબ બાબતે સ્પષ્ટતા કરતા અરજદારને અપીલ અરજીમાં માગેલ માહિતીની સ્પષ્ટતા થઈ ગયેલ છે.

**<u>–:: હુકમ ::–</u>**

અપીલ અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ઉપલબ્ધ રેકોર્ડનો અભ્યાસ કરતા તેમજ જાહેર માહિતી અધિકારીએ અરજદારની અરજીના મુદ્દા નં.૦૧ થી ૦૫ બાબતે આપેલ જવાબ પત્ર નં. એમ.સી.એચ./આઉટ/૧૬૭૫ તા.૦૪/૦૯/૧૮ થી અરજદારને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવામાં આવેલ હોય, તેઓની અપીલ અરજીની માહિતી પૂર્તતા કરેલ હોય, તેવું જણાય છે. જેથી અરજદારને માહિતી આપવાની રહેતી નથી.

અરજદાર ઉપરના હુકમથી નારાજ હોય તો, હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર સચિવશ્રી ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગીભવન, બ્લોક નં. ૦૧, બીજો માળ , નિરમાભવન પાછળ, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને બીજી અપીલ કરી શકશે.

નં.એમ.સી.એચ./આઉટ/<br>
તા. / /૨૦૧૮

અપીલ અધિકારી અને<br>
સીની. સ્થાનીક વૈ. અમલદાર<br>
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ<br>
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,<br>
૧) શ્રી પિંકલ પી. ઘીવાળા પ્રતિ, ૨૧, ન્યુ ગોકુલ રો–હાઉસ, સી.કે.પાર્ક પાસે, હની પાર્ક રોડ, અડાજણ, સુરત.–૩૯૫૦૦૫.<br>
તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.<br>
૨) જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ પ્રતિ...જાણ તથા અમલ સારૂ.<br>
૩) આર.ટી.આઈ સેલ પ્રતિ...જાણ સારૂ.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/MCH/FAP/01/2018. Dt.25/06/2018.

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ.

અરજદાર શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ, ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કરવામાં આવેલ પ્રથમ અપીલની સુનાવણી આજ રોજ તા.૨૩/૦૭/૧૮ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં અપીલ અધિકારી સીની. સ્થાનિક વૈ.અમલદારશ્રીની કચેરીમાં રાખવામાં આવેલી છે. તેમાં અત્રેની કચેરીમાં, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ઉર્મીલાબેન એમ. સુરતી તથા અરજદાર હાજર હતા.

જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ધ્વારા કરવામાં આવેલ રજુઆત અને ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા પ્રાપ્ત થયેલી હકીકત નીચે દર્શાવી છે.

અરજદાર ::– શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર શ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ,

સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિની આરટીઆઈની તા.૦૪/૦૫/૧૮ ની (આઈ.ડી.નં.૩૩૨) ની અરજી જાહેર માહિતી અધિકારી અનેસેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ આરોગ્ય) કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૩૦ તા.૧૦/૦૬/૨૦૧૮ થી જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને તબદીલ કરવામાં આવેલ હતી. જે અરજી નં. એમ.સી.એચ./ઈન/૨૦૨ તા.૧૧/૦૫/૧૮થી અત્રે મળેલ છે. જે મુજબ અરજદારે કુલ મુદ્દા નં.૦૧ થી ૦૯ની માહિતી માંગેલ હતી.

જે અન્વયે જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી અરજદાર મજકૂરને પત્ર નં. એમ.સી.એચ./આઉટ/૬૧૯ તા.૦૧/૦૬/૧૮ થી લાગુ પડતાં મુદ્દા નં.૦૧, ૦૨, ૦૩, ૦૫, ૦૬ અને ૦૮ ની માહિતીના નકલના રૂા.૦૨ લેખે નંગ : ૦૨ નાં રૂા.૦૪/– ભરવાનું જણાવેલ છે. જેના અનુસંધાનમાં અરજદારે ઉપરોક્ત નકલ આજદિન સુધી મેળવેલ નથી અને તા.૨૫/૦૬/૧૮ના રોજ અરજદારે પ્રથમ અપીલ અરજી કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ. જે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી તરફ થી આઈ.ડી. નં.૩૩૨ તા. ૦૪/૦૫/૧૮થી અપીલ અધિકારી સીની.સ્થાનિક વૈ. અમલદારશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને તા. ૨૫/૦૬/૧૮ થી તબદીલ કરેલ છે. જે અત્રે અપીલ અરજી નં.૦૧, એમ.સી.એચ./ઈન/૫૩૨ તા.૨૭/૦૬/૧૮ના રોજ થી મળેલ છે.

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અધિકારીશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને અપીલ કરી જણાવેલ છે કે તેઓની આરટીઆઈની અરજીના મુદ્દા નં. ૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૮ અને ૦૯ માં માગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી. તે ગેરમાર્ગે દોરેલી જણાય છે. જેથી માગ્યા મુજબની માહિતીની નકલો સમય મર્યાદામાં વિના મૂલ્યે પુરી પાડવા હુકમ કરશોજી. તેવી અરજી કરેલ છે.

અરજદારની આર.ટી.આઈ.ની અપીલ અરજીમાં અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેથી અરજદારને પત્ર નં.એમ.સી.એચ./આઉટ/૧૦૮૩ તા.૧૬/૦૭/૧૮ થી જાણ કરી તા.૨૩/૦૭/૧૮ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અપીલ અધિકારી સીની.સ્થાનિક વૈ. અમલદારશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સમક્ષ હાજર રહેવા જણનવવામાં આવ્યુ હતું, તે મુજબ અરજદાર તથા જાહેર માહિતી અધિકારી રૂબરૂ સુનાવણીમાં હાજર રહયા હતા.

રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારે અપીલ અરજીમા જણાવેલ મુદ્દા નં. ૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૮ અને ૦૯ બાબતે જાહેર માહિતી અધિકારીએ નં.એમ.સી.એચ./આઉટ/૬૧૯ તા.૦૧/૦૬/૧૮થી આપેલ મુદ્દા નં.૦૧, ૦૨, ૦૩, ૦૫, ૦૬ અને ૦૮ જવાબ બાબતે સ્પષ્ટતા કરતા અરજદારે ઉપરોક્ત મુદ્દાઓની સ્પષ્ટતા થઈ ગયેલ હોય, અરજદારે સંતોષ વ્યકત કરેલ છે.

વધુમાં અરજદારે ઓફિસ સ્ટાફ તથા કલાર્ક કમ કમ્પાઉન્ડીગ આસી. ને જાહેર તહેવારના દિવસોએ રજા આપવામાં આવે છે કે કેમ? તે અંગે પ્રછતાં અપીલ અધિકારી તરફથી તમામ ઓફિસ સ્ટાફને જાહેર તહેવારનાં દિવસોએ રજા હોય છે. જયારે કલાર્ક કમ કમ્પાઉન્ડીગ આસી. ને સ્મીમેર હોસ્પિટલનાં પરિપત્રને ધ્યાને લઈ જાહેર તહેવારનાં દિવસોએ અડધી રજા/આખી રજા આપવામાં આવે છે. જે અંગેનો પરિપત્ર અરજદારને વાંચાવેલ છે, જે બાબતે તેઓએ સંમતિ/સંતોષ દર્શાવેલ છે.

**<u>–:: હુકમ ::–</u>**

અપીલ અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલની રૂબરૂ આજ રોજની સુનાવણી અને ઉપલબ્ધ રેકોર્ડનો અભ્યાસ કરતા અરજદારની અરજીના મુદ્દા નં.૦૧ થી ૦૯ બાબતે તથા જાહેર તહેવારનાં દિવસોએ ઓફિસ સ્ટાફ તથા કલાર્ક કમ કમ્પાઉન્ડીગ આસી. ને કઈ રજા આપવામાં આવેલ છે? ઓફિસ સ્ટાફને જાહેર રજાના દિવસોએ રજા હોય છે. જયારે કલાર્ક કમ કમ્પાઉન્ડીગ આસી. ને સ્મીમેર હોસ્પિટલનાં પરિપત્રને ધ્યાને લઈ જાહેર તહેવારનાં દિવસોએ અડધી રજા/આખી રજા

આપવામાં આવે છે. તમામ મુદ્દાઓની સુનાવણી દરમ્યાન પૂર્તતા તથા ઉંડાણ પૂર્વક સમજાવવામાં આવેલ છે. આથી અરજદારે માંગેલ માહિતી અંગે સંતોષ વ્યકત કરેલ છે. અરજી અનુસંધાને માંગેલ માહિતી વિનામૂલ્યે હાથોહાથ આણવાની જાહેર માહિતી અધિકારીને જાણ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના હુકમથી નારાજ હોય તો, હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર સચિવશ્રી ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગીભવન, બ્લોક નં. ૦૧, બીજો માળ , નિરમાભવન પાછળ, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર—૩૮૨૦૧૦ને બીજી અપીલ કરી શકશે.

નં.એમ.સી.એચ./આઉટ/
તા. / /૨૦૧૮

અપીલ અધિકારી અને
સીની. સ્થાનીક વૈ. અમલદાર
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
૧) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ, (સુરત સુધરાઈ કામદાર(સ્ટાફ) મંડળ), રૂમ નં.૧૪ ગ્રા ફલોર, મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત—૩.
તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.
૨) જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ પ્રતિ...જાણ તથા અમલ સારૂ.
૩) આર.ટી.આઈ સેલ પ્રતિ...જાણ સારૂ.